Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat

નં.કેસીજી/૨૦૧૭-૧૮/૪૬૫૮

તા:૨૮/૦૨/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ કોલેજ,
ગુજરાત રાજ્ય

વિષય: "ગ્લોબલ કેરિયર એન્ડ એડમિશન કાઉન્સેલિંગ સેન્ટર"ની માહિતી વિદ્યાર્થીઓ સુધી પહોચાડવા તથા વિદ્યાર્થીઓનાં ઓનલાઈન રજીસ્ટ્રેશન અંગે

શ્રીમાન,

કારકિર્દી ઘડતર માટે હાલમાં ઉપલબ્ધ વિવિધ તકો/ક્ષેત્રોમાંથી પોતાના રસ-રૂચિના વિષયો અનુસાર કોને મહત્વ આપવું અને કોને પ્રથમ પસંદગી આપવી તે અંગે વિદ્યાર્થીઓ મુંઝવણ અનુભવે છે. તેથી વિદ્યાર્થીઓને કારકિર્દી માટે અનુભવી શિક્ષણવિદો/નિષ્ણાંતો પાસેથી યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે માન.અગ્ર સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ)ની મળેલ મંજુરી અનુસાર કેસીજી ખાતે "ગ્લોબલ કેરિયર એન્ડ એડમિશન કાઉન્સીલ સેન્ટર"ની સ્થાપના કરવામાં આવેલ છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓને વિવિધ કોર્સ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા વિદેશમાં અભ્યાસ માટેની માહિતી આપવામાં આવશે. જેમાં વ્યક્તિગત રીતે તથા ગ્રુપમાં વિદ્યાર્થીઓને તેમના કેરિયર અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે.

જેમાં વિદ્યાર્થીઓને વિવિધ કોલેજ, યુનિવર્સિટીઓ, વિદેશી શૈક્ષણિક સંસ્થાઓ, તેમાં ઉપલબ્ધ વિવિધ કોર્ષ,પ્રવેશ પ્રક્રિયા,ફીનું ધોરણ વગેરે અંગેની માહિતી મળી રહેશે. તેઓ અનુભવી શિક્ષણવિદો/નિષ્ણાંતો સાથે સીધી વાતચીત કરીને માર્ગદર્શન મેળવી શકશે તથા રોજગાર અંગેની માહિતી પણ મેળવી શકશે.

જે માટે https://kcg.gujarat.gov.in/GCACC/student_registration.php પર વિદ્યાર્થીઓનાં ઓનલાઈન રજીસ્ટ્રેશનની સુવિધા રાખેલ છે. ઉક્ત"ગ્લોબલ કેરિયર એન્ડ એડમિશન કાઉન્સેલિંગ સેન્ટર"નો લાભ વધુમાં વધુ વિદ્યાર્થીઓ તથા વાલીઓ લઇ શકે તે માટે આપની કોલેજનાં વિદ્યાર્થીઓને કાઉન્સેલિંગ સેન્ટરની માહિતી પહોચાડવા વિનંતી કરીએ છીએ. આપની કોલેજમાંથી કેરિયર એન્ડ એડમિશન કાઉન્સેલિંગનાં માર્ગદર્શન માટે ઈચ્છુક વિદ્યાર્થીઓની માહિતી રજીસ્ટ્રેશન લીંક પર મોકલી આપવા વિનંતી કરીએ છીએ.

પ્રો. એ. યુ. પટેલ, 28-2-18
એડવાઈઝર, કેસીજી
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી